# સુત્રો

૧. મારા પ્રભુ સતત મારી સામું જોઈ રહ્યા છે.

૨. મારે તો શ્રીહરિ અને સંતો-ભક્તોને જ રાજી કરવા છે.

૩. ઓવરઅપેક્ષા દુઃખનું મૂળ છે અને સંતોષ સુખનું મૂળ છે.

૪. હે નાથ ! હું આપને ક્યારેય ભૂલું નહીં, એવી કૃપા કરજો.

૫. હું મારા માટે નથી પણ શ્રીહરિ તથા સંતો-ભક્તો માટે જ છું.

૬ પ્રભુજી માટે બધી ક્રિયા થાય તો સર્વે ભક્તિ બની જાય.

૭. આપણી વાત કરતા વર્તનથી બાળકો ઝાઝું શીખે છે.

૮. હે પ્રભુ ! મારે તારી જરૂર છે, માયાની નહીં.

૯. હે પ્રભુ ! ચાલો, આપના માટે રસોઈ તૈયાર કરી દઉં.

૧૦. હે મહારાજ ! આપ રાજી થઈ જમજો હો ને !

૧૧. હે હરિ ! હું આપના અને સંતોના સુખાર્થે જ છું.

૧૨. હે મહારાજ ! આપનું ગમતામાં ગમતું હોય તે જ કરાવજો.

૧૩. કથા-કીર્તન-ભજન આત્માનો આહાર છે.

૧૪. ભગવાનમાં અખંડવૃત્તિ સિદ્ધ કરવી એ જ કરવાનું છે

૧૫. ભગવાન સર્વકર્તા મનાય તો અખંડ ધ્યાન થાય.

૧૬. સર્વકર્તા શ્રીહરિ સદા મારું સારું જ કરે છે.

૧૭. સર્વના ભોગે એક મૂર્તિ રાખવી, પણ મૂર્તિના ભોગે કાંઇ ન રાખવું.

૧૮. હે મહારાજ ! મારામાં કાંઈ કસર ન રહી જાય તેવી કૃપા કરજો.

૧૯ હું ભગવાનનો અને એક ભગવાન જ મારા છે.

૨૦. સંતો-ભક્તો નિર્દોષ મનાય તો તરત નિર્દોષ થવાય.

૨૧. **हरिकी मूर्ति तामें, सुख रहेउ अपार कर ।**
**मूर्ति से मरजी यामे, सुख रहेउ अपार यह ॥**

૨૨ મહારાજની મરજી અને મૂર્તિ સાવધાન થઈ પકડી રાખવા.

૨૩. જ્યાં સંપ, સંસ્કાર અને સત્સંગ હોય ત્યાં શ્રીહરિ સાક્ષાત્ હાજર રહે છે.

૨૪. સત્સંગ સુખનું અને કુસંગ દુઃખનું ધામ છે.